# || ૐ શ્રી સાઈરામ ||

# || ૐ શ્રી સાઈ અતીતાય નમ: || (૮૪)

## જેમનો મહિમા અસીમ છે એવા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન બાબાનું વર્ણન કરવું એ માનવ બુદ્ધિની ક્ષમતાની બહાર છે. ભગવાન બાબા કહે છે – “મને માપવાનો અથવા જાણવાનો પ્રયત્ન કરતા નહીં. તમારી સમજની બહાર છું."

સ્વામી અને તેમની લીલા માનવ બુદ્ધિની તથા સમજની બહાર છે તે સાબિત કરતી આ એક કથા.

મૂળ બ્રહ્મદેશના ' કૃષ્ણદાસ' નામના એક યોગી હિમાલયમાં ભગવાન વિષ્ણુની અનેક વર્ષો સુધી તપ સાધના કરતા હતા. એવા અનેક વર્ષો વીત્યાં અને તેમની તીવ્ર સાધનાના ફળ સ્વરૂપ એક દિવસ તેમને દિવ્ય વાણી સંભળાઈ - " મેં આંધ્ર પ્રદેશના પૂટ્ટપર્તી નામના ગામમાં જન્મ લીધો છે. જેમ બને તેમ જલદીથી મારા દર્શન માટે આવ. " કૃષ્ણદાસ ના આનંદનો પાર ન રહ્યો. તે તરત જ પૂટ્ટપર્તી જવા માટે નીકળ્યા. જ્યારે સમાજમાં આવતાં ત્યારે કૌપિન ધારણ કરતા. તે જ્યારે પૂટ્ટપર્તી પહોંચ્યા ત્યારે સ્વામીએ તેમના માટે લૂંગી અને ઉપવસ્ત્ર  મોકલી દીધું અને તે પરિધાન કરીને જ આવવાની આજ્ઞા આપી.

જ્યારે સ્વામીએ તેમને મુલાકાત કક્ષમાં બોલાવ્યા ત્યારે વિષ્ણુ રૂપમાં દર્શન આપ્યા અને પોતાનો એક ફોટો આપ્યો. તેમને ત્યાંથી મોકલતી વખતે સ્વામી બોલ્યા- " હવે અહીંયા થી પાછા હિમાલયમાં જવાની આવશ્યકતા નથી. મહારાષ્ટ્રના ચૌલ નામના ગામે જા. " સ્વામીની આજ્ઞા પ્રમાણે કૃષ્ણદાસ મુંબઈ આવ્યા. ત્યાં બધા મંદિરોમાં જઈને દેવી-દેવતાઓના દર્શન કર્યા. પરંતુ ' ચૌલ ' ક્યાં છે તે તેમને ખબર નહોતી એટલે તેમણે મહારાષ્ટ્ર નો નકશો લાવીને ચૌલ ક્યાં છે તે જોયું અને ચૌલમાં જઈ પહોંચ્યા.

ચૌલમાં આવ્યા પછી આગળ શું થશે તે સ્વામીએ તેમને મુલાકાત દરમ્યાન કહ્યું તો હતું જ અને તે પ્રમાણે જ થયું. થોડાક લોકો તેમની પાસે આવ્યા અને બોલ્યા-“તમે અહીંના મંદિરના પૂજારી થશો કે?' કૃષ્ણદાસે તેમને પૂછયું ક્યા ભગવાનનું મંદિર છે? ” તે બોલ્યા-“ શ્રી ગુરુ દત્તાત્રેય ભગવાનનું. ” સ્વામીએ કહ્યા મુજબ તેમણે તે જવાબદારી સ્વીકારી અને તે ડુંગરના શિખર  પરના મંદિરમાં રહીને પૂજા અર્ચના કરવા લાગ્યા અને બાકીના સમયમાં પોતાની તપસાધના ચાલુ રાખી.

ત્યાં જ તેમણે શિરડી સાઈ અને સત્યસાઈ બાબાના ફોટાની સ્થાપના કરી. સ્વામીના ફોટાની સામે તેમણે એક વિભૂતિ પાત્ર મૂક્યું અને જોતજોતામાં તે વિભૂતિપાત્ર વિભૂતિથી આખું ભરાઈ ગયું, એટલું જ નહીં, પણ તેમણે ભોજન માટે એક સાદું વાસણ મૂકયું હતું તેમાં પણ તેમની જરૂરિયાત જેટલું અન્ન પ્રગટ થયું. તેમને જ્યારે જ્યારે અન્નની જરૂરિયાત પડતી ત્યારે ત્યારે તે ભોજનપાત્રમાં અન્ન પ્રગટ થતું. મૂળથી જ મિતાહારી હોવાવાળા કૃષ્ણદાસની અન્નની જરૂરિયાત આમ તો ઓછી જ હતી, પરંતુ ભોજન

બનાવવામાં સમય બરબાદ ન થાય એટલે તે સામાન્ય પાત્રને સ્વામીએ અક્ષયપાત્ર બનાવી દીધું. તેમજ આવનારા ભક્તજનોને વિભૂતિ મળે એટલા માટે વિભૂતિનું પાત્ર પણ અક્ષયપાત્ર બનાવી દીધું હતું. પદ્દપતિથી નીકળતી વખતે સ્વામીએ તેમને ‘ તારો યોગક્ષેમ હું ચલાવીશ', એવું આશ્વાસન આપ્યું હતું અને તેમનું તે વચન તેમણે પાળ્યું. આ અક્ષયપાત્રમાંથી જ કૃષ્ણદાસે આવનારા કેટલાક ભક્તોને વિશેષતઃ નાના બાળકોને તેમની ભાવતી ચીજ વસ્તુઓ (વાનગી) આપતા.

આગળ જતા એકવાર સ્વામીનું આગમન મુંબઈના શ્રી. પી.કે. સાવંતના નિવાસ સ્થાને થયું. તે વખતે સ્વામીએ પોતે ગાડી ચૌલ મોકલાવી અને કૃષ્ણદાસને દર્શન માટે બોલાવી લીધા, પરંતુ “ લુંગી અને ઉપવસ્ત્ર પહેરીને જ આવ" એમ કહેવાનું પણ તે ભૂલ્યા નહીં. આજ્ઞાનુસાર કૃષ્ણદાસ સ્વામીના દર્શન માટે આવ્યા ત્યારે સ્વામીએ ફરીથી એકવાર તેમને ગુરુપદેશ કર્યો અને તેમને પાછા મોકલ્યા.

સ્વામીની આજ્ઞાનુસાર કૃષ્ણદાસે આશરે એક તપ (૧૨ વર્ષ ) સુધી ત્યાં સાધના કરી. ત્યાર પછી સ્વામીની જ અનુજ્ઞા લઈને તે પાસેના જ ખંડાલા ગામ નજીક સિદ્ધેશ્વરના ડુંગર પર રહીને સાધના કરવા લાગ્યા અને ત્યાં જ તેમણે સમાધિ લીધી.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||